RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 60, Dt.21-05-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરકાર ઝૂકીઃ સ્માર્ટ સાથે જૂના મીટર પણ લગાવી શકાશે



## રાજ્યભરમાં સ્માર્ટ વીજ મીટરને લઈ દેકારો મચતાં રાજ્ય સરકારે લીધો મહત્વનો નિર્ણયઃ સ્માર્ટ મીટરમાં ખુબ જ વધુ બીલ આવતું હોવાની ઠેર ઠેર ફરિયાદ ઉઠવા પામી હતીઃ સ્માર્ટ મીટરને લઈ હાઈકોર્ટમાં અરજી પણ દાખલ કરાઈ છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજ્યભરમાં સ્માર્ટ વીજ મીટરને લઈને દેકારો મચ્યો છે. અને સ્માર્ટ મીટર પર ખૂબ જ વધુ બિલ આવતા હોવાની ઠેર-ઠેર ફરિયાદ થઈ રહી છે. ત્યારે રાજ્ય સરકારે એક મોટો નિર્ણય લીધો છે. જેમાં હવે સ્માર્ટ મીટરની સાથે જૂના મીટર પણ લગાવવામાં આવશે.

ગુજરાતમાં વડોદરા, રાજકોટ, જામનગર સહિતના શહેરોમાં પ્રી-પેઈડ સ્માર્ટ મીટરનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પ્રી-પેઈડ સ્માર્ટ મીટરમાં ડબલ તેમજ તેનાથી પણ વધુ વીજ બિલ આવતું હોવાની વ્યાપક ફરિયાદ આવી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવે સ્માર્ટ મીટરની સાથો-સાથ જૂના મીટર પણ લગાવવામાં આવશે. ગ્રાહકોમાં થયેલી ગેરસમજ દૂર કરવા સ્માર્ટ મીટર સાથે જુનું મીટર લગાવવાનો નિર્ણય લેવાયો છે.

અગાઉ રાજ્યની ચારેય વીજ કંપનીઓને વડાઓને ગાંધીનગરનું તેડુ મોકલાયુ હતું. પાટનગરમા ઉર્જા વિભાગની ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી જેમાં આ મામલે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સ્માર્ટ મીટરનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યા છે. વડોદરાના નાગરિકે સ્માર્ટ મીટરને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

## ભાવનગરના બોરતળાવમાં પાંચ બાળકીઓ ડૂબીઃ ચારના નિધન, પરિવારજનોનું હૈયાફાટ રુદન

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગરના બોરતળાવમાં ડૂબવાના કારણે ચાર બાળકીઓના નિધન થયા છે. ચારેય બાળકીઓ બોર તળાવમાં કપડાં ધોવા માટે ગઈ હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ રહી છે. એક બાળકી હાલ સારવાર હેઠળ છે.

ભાવનગરના બોરતળાવની આસપાસ જ રહેતી બાળકીઓ અને કિશોરી કપડાં ધોવા માટે એકત્રિત થઈ હતી. જે બાદ એક બાળકી અચાનક તળાવમાં ડૂબવા લાગતાં તેને બચાવવા માટે અન્ય બાળકીઓ પણ પાણીમાં કૂદી પડી હોવાનું જાણવા મળ્યું છે. તમામ બાળકીઓ ડૂબવા લાગતાં આસપાસના લોકોએ બચાવવા માટે પ્રયાસ કર્યા. હોસ્પિટલ લઈ ગયા બાદ ચાર બાળકીઓને મૃત જાહેર કરવામાં આવી છે જ્યારે એક બાળકી હાલ સારવાર હેઠળ છે.

## પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની ૩૩મી પૂણ્યતિથિએ કોંગ્રેસે આપી શ્રદ્ધાંજલિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની આજે ૩૩મી પુણ્યતિથિ છે. આ પ્રસંગે દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળ 'વીર ભૂમિ'ની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી.

આજે સવારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ સહિત ઘણા નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી.

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની યાદમાં સમાધિ સ્થળ વીર ભૂમિ ખાતે પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસે તેના ડ હેન્ડલ પર લખ્યું, શાંતિ, સંવાદિતા અને પ્રગતિના પ્રણેતા રાજીવ ગાંધીને સલામ.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી લખ્યું હતું. આપણા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીજીને તેમની પુણ્યતિથિ પર મારી શ્રદ્ધાંજલિ.

ઉલ્લેખનીય છે કે, રાજીવ ગાંધી ૧૯૮૪ થી ૧૯૮૯ દરમિયાન દેશના વડાપ્રધાન હતા. ૧૯૯૧ માં, તમિલનાડુના પેરુમ્બુદુરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમના સભ્યો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.

## ચૂંટણી બોન્ડનો વિવાદ ફરી સળગ્યોઃ એસબીઆઈએ વેચાણ અને વટાઉ સંબંધિત પ્રક્રિયાની જાણકારી આપવાનો કર્યો ઈન્કાર

### ઈલેકટ્રોલ બોન્ડની તમામ વિગતો જાહેર કરવાના સુપ્રીમ કોર્ટના દાવા છતાં માહિતી છુપાવાતી હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી પૂર્વે જ વિવાદ સર્જનાર અને સુપ્રિમ કોર્ટના આદેશથી પ્રતિબંધિત થયેલા ઇલેક્ટ્રોલ બોન્ડ (ચૂંટણી બોન્ડ)ના વેચાણ તથા વટાવવા સંબંધી પ્રક્રિયાની જાણકારી આપવાનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ફરી વખત ઇન્કાર કરી દીધો છે.

માહિતી અધિકાર કાયદા હેઠળ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી ચૂંટણી બોન્ડના વેચાણ તથા વટાવવા સંબંધી પ્રક્રિયાની જાણકારી માંગવામાં આવી હતી તે આપવાનો ઇન્કાર કરીને સ્ટેટ બેંકે એવો પુર્નોચ્ચાર કર્યો હતો કે આ માહિતી નકોમર્શીયલ કોન્ફીડન્સથ ધરાવે છે અને બેંકની બૌધિક સંપત્તિ છે તે સંબંધી બેન્કની આંતરિક ગાઇડલાઇન્સ અત્યંત કડક છે.



સામાજીક કાર્યકર અંજલી ભારદ્વાજે ૪થી માર્ચે અરજી દાખલ કરીને ચૂંટણી બોર્ડના વેચાણ તથા વટાવવાની પ્રક્રિયાની વિગતો માંગી હતી. બેંકના ઇન્કાર બાદ ૩૦મી માર્ચે તેમના દ્વારા સ્ટેટ બેંકની એપલેટમાં અપીલ કરવામાં આવી હતી. સંતોષકારક પ્રતિભાવ ન મળતા હવે કેન્દ્રીય માહિતી પંચ સમક્ષ અપીલ કરવાનું નક્કી કર્યું છે.

સ્ટેટ બેંકની એપલેટ ઓથોરીટીએ ૧૭ માર્ચે આપેલા જવાબમાં એમ કહ્યું હતું કે અરજદારે માંગેલી વિગતો બેંકની કોમર્શીયલ કોન્ફીડન્સની છે અને એટલે આપી ન શકાય. આ પ્રક્રિયામાં સામેલ સ્ટાફ માટે પણ કડક ઇન્ટરનલ ગાઇડલાઇન્સ હતી. એટલું જ નહીં, આ વિગતો બેંકની બૌધ્ધિક સંપત્તિ હોવાથી માહિતી અધિકાર કાયદાની કલમ ૮ (૧)(ડી) હેઠળ અરજી નકારવામાં આવે છે.

માહિતી અધિકાર કાયદાની કલમ ૮ (૧)(ડી) એમ સૂચવે છે કે કોમર્શીયલ કોન્ફીડન્સ, ટ્રેડ સિક્રેટ અથવા બૌધ્ધિક સંપતિની માહિતીથી ત્રીજા પક્ષને નુકશાન થઇ શકે તેમ હોય તો ઇન્કાર થઇ શકે છે. જો કે, જાહેર હિતમાં તે હોય તો આદેશ કરી શકે છે.

અંજલી ભારદ્વાજે કહ્યું કે સ્ટેટ બેંક ચૂંટણી બોન્ડના વ્યવહારો કેવી રીતે મેનેજ કરે છે તેની અનિશ્ચિતતાને કારણે પ્રક્રિયાની વિગતો માંગવામાં આવી હતી. બોન્ડના ખરીદનારા તથા વટાવનારાના યુનિક નંબર હોવાથી ચિંતાનો વિષય હવે સર્વોચ્ચ અદાલતે પણ ચૂંટણી બોન્ડને ગેરબંધારણીય ગણાવીને રોક લગાવી હતી તથા તમામ માહિતી જાહેર કરવાનો આદેશ કર્યો હતો છતાં સ્ટેટ બેંક મહત્વની વિગતો છુપાવી રહી છે.

તેમના કહેવા પ્રમાણે આ માહિતી જાહેર કરવાથી શું નુકશાન થઇ શકે તે વિશે એપલેટ ઓથોરીટીએ કોઇ ફોડ પાડ્યો નથી ઉપરાંત થર્ડ પાર્ટી કોણ છે તે દર્શાવ્યું નથી. આ મામલે જાહેર હિતનો હોવાનું પણ સ્વીકાર્યું નથી. માહિતી અધિકાર કાયદાની જોગવાઇ દર્શાવીને માહિતીનો ઇન્કાર કરાયો છે તેવી કોઇ જોગવાઇ પણ ન હોવાનો તેમનો દાવો છે.

## કેન્દ્ર સરકારની તિજોરીમાં ૧ લાખ કરોડની આવક, આરબીઆઈ ટૂંક સમયમાં ડિવિડન્ડ ચૂકવશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તેની મજબૂત આવક અને સ્થિતિને પગલે આ વર્ષે રેકોર્ડ ડિવિડન્ડ જારી કરી શકે છે. જે કેન્દ્ર સરકારની તિજોરીમાં જમા ખજાનામાં રૂ. ૧ લાખ કરોડનો વધારો થશે.

ગતસપ્તાહે આરબીઆઈએ જાહેરાત કરી હતી કે, ટ્રેઝરી બીલ્સ મારફત સરકારના દેવામાં રૂ. ૬૦ હજાર કરોડનો ઘટાડો થયો છે. વધુમાં આરબીઆઈ આગામી ઓપરેશનની સફળતાની ખાતરી કરતાં અમુક માપદંડો અમલમાં મુકી રહી છે. જેમાં સરકાર રૂ.૬૦૦૦૦નું બાકી દેવુ ચૂકવવાની યોજના બનાવી રહી છે. બંને પગલાં સરકારના ફંડ્સમાં વધારો કરશે. જે કેન્દ્ર સરકારની નાણાકીય સ્થિતિમાં સુધારો કરી વિકાસ કાર્યો માટે વધુ ફંડ ઉપલબ્ધ કરાવશે.





આરબીઆઈ સરકારની ડેટ મેનેજર તરીકે સેવા આપે છે. જે મેમાં આ સરપ્લસ ફંડ સરકારની તિજોરીમાં જમા કરાવશે. યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ ઈકોનોમિક એડવાઈઝરે રિસર્ચ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, આરબીઆઈ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કેન્દ્ર સરકારના ખાતામાં રૂ. ૧ લાખ કરોડ સુધીની સરપ્લસ જમા કરશે. ગતવર્ષએ સૌથી વધુ રૂ. ૮૭૪૧૬ કરોડની સરપ્લસ ટ્રાન્સફર કરી હતી. જયારે આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝના રિસર્ચ હેડ દ્વારા રૂ. ૧.૨ લાખ કરોડનું ડિવિડન્ડ ચૂકવવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. સેન્ટ્રલ બેન્કની બેલેન્સ શીટ, કોર કેપિટલ રેશિયો વધી રહ્યો છે. જેથી ડિવિડન્ડની રકમ પણ વધી છે. યુએસ ફેડ દ્વારા વ્યાજદરોમાં વધારા સંચાલિત ફોરેન એક્સચેન્જ એસેટ્સમાંથી મળતાં વ્યાજમાં વૃદ્ધિના કારણે આરબીઆઈની સ્થિતિ વધુ મજબૂત થઈ છે.

## ચારધામ યાત્રાઃ ૧૧ દિવસમાં ૭.૨૩ લાખ શ્રદ્ધાળુઓ કર્યા દર્શન, રજીસ્ટ્રેશન ૩૦ લાખને પાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડની વિશ્વ પ્રસિદ્ધ ચારધામ યાત્રા-૨૦૨૪ હર્ષોલ્લાસ સાથે આગળ વધી રહી છે અને અત્યાર સુધીમાં ૧૧ દિવસમાં કુલ ૭,૨૩,૧૬૩ શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કરી ધન્યતા અનુભવી છે. સૌથી વધુ કેદારનાથ ધામમાં ૩,૧૯,૧૯૩ ભક્તોએ દર્શનનો લહાવો લીધો છે. જ્યારે રજીસ્ટ્રેશનની વાત કરીએ તો અત્યાર સુધીમાં કુલ ૩૦,૧૭,૨૭૫ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવી ચુક્યા છે. આમાંથી સૌથી વધુ કેદારનાથ માટે રજીસ્ટ્રેશન થયું છે.

ચારધામની યાત્રા કરવા દેશભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. આ વખતે યમુનોત્રી અને ગંગોત્રી ધામમાં બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા ગત વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. તો બીજી તરફ મંદિર સમિતિએ પણ ભક્તોની ભીડના



ધ્યાને રાખી મોડી રાત સુધી મંદિર ખુલા રાખવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ભીડ પર કાબુ મેળવવા પોલીસને પણ પરસેવો છુટી ગયો છે. કેદારનાથ યાત્રાને લઈ શ્રદ્ધાળુઓમાં સૌથી વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જોકે બીજીતરફ મંદિરોમાં દર્શન કરવા માટે લાંબી લાઈનો પણ જોવા મળી રહી છે. આ સાથે વહિવટીતંત્રની સાથે સાથે પોલીસ તંત્ર પણ ભીડને કાબુમાં રાખવા અને શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે તમામ બાબત પર ધ્યાન રાખી રહી છે.

ચાર ધામના દર્શનની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૩,૧૯,૧૯૩ ભક્તોએ કેદારનાથ ધામના, ૧,૩૯,૬૫૬ ભક્તોએ બદ્રીનાથ ધામ, ૧,૩૮,૫૩૭ ભક્તોએ યમુનોત્રી ધામ અને ૧,૨૫,૭૭૭ ભક્તોએ ગંગોત્રી ધામના દર્શન કરી ચુક્યા છે. સોમવારે (૨૦ મે) ૮૨,૫૭૭ ભક્તોએ ચાર ધામના દર્શન કર્યા હતા. રજીસ્ટ્રેશનની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૩૦,૧૭,૨૭૫ ભકતોએ ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યમુનોત્રી ધામ માટે ૪,૭૨,૪૪૪, ગંગોત્રી ધામ માટે ૫,૩૭,૬૮૮, કેદારનાથ ધામ માટે ૧૦,૦૭,૩૩૩, બદ્રીનાથ ધામ માટે ૯,૨૩,૬૯૮ અને હેમકુંડ સાહિબ માટે અત્યાર સુધીમાં ૭૬,૧૧૨ ભક્તોએ નોંધણી કરાવી છે, જ્યારે આજે ૩૬,૯૯૬ રજીસ્ટ્રેશન થયા હતા.

## આતંકવાદી ગુજરાતમાં આત્મઘાતી હુમલો કરવા આવ્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ

### ૩ પિસ્તોલ અને ૨૦ કાર્તુસ ગાંધીનગરના ચીલોડા ખાતે નર્મદા કેનાલ પાસે પહેલેથી જ છુપાવી રાખ્યા હતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ-એરપોર્ટ પરથી ચાર આતંકવાદી ઝડપાતા ખળભળાટ સર્જાયો જ છે ત્યારે તેઓનાં નિશાને હિન્દુ તથા યહુદી નેતાઓ હોવાનો ખુલાસો થયો છે. ૧૪ દિવસનાં રીમાંડ પર સોંપાયેલા ચારેય ત્રાસવાદીઓની પૂછપરછમાં વધુ કેટલાંક ચોંકાવનારા ધડાકા થવાનું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં કેટલાંક વખતથી કરોડો અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાવાનો સિલસિલો હતો.ડ્રગ્સ માફીયાઓ પછી ત્રાસવાદી સંગઠનોનું ટારગેટ ગુજરાત હોવાની છાપ ઉપસતા સરકાર તથા સુરક્ષા એજન્સીઓ પણ ખળભળી છે. ગુપ્તચર બાતમીના આધારે શ્રીલંકાથી



વાયા ચેન્નાઈ થઈને વિમાન માર્ગે અમદાવાદ આવેલા ચારેય ત્રાસવાદીઓની ઓળખ મોહમ્મદ નુસરત, મોહમ્મદ નફરામ, મોહમ્મદ ફરીસ તથા મોહમ્મદ રસધીન તરીકે થઈ છે. ચારેય શ્રીલંકાનાં નાગરીકો હોવાનું અને ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસઆઈ ઈસ્લામીક સ્ટેટનાં સંપર્કમાં હોવાનો ધડાકો થયો છે.

પોલીસના સુત્રોએ કહ્યું કે, ચારેય ત્રાસવાદી પાકિસ્તાન સ્થિત આઈએસઆઈના ઓપરેટીવ અબુના સંપર્કમાં હતા. ગુજરાતમાં આત્મઘાતી હુમલા કરવાનો ટારગેટ આપવામાં આવ્યો હતો. યહુદીઓના કેટલાંક મહત્વનાં સ્થળોને નિશાન બનાવવાનું તથા ભાજપ-સંઘ સાથે સંકળાયેલા હિન્દુ નેતાઓ અને યહુદીઓની હત્યા કરવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું.

ષડયંત્રને અંજામ આપે તે પૂર્વે ચારમાંથી એક ત્રાસવાદી પાકિસ્તાનમાં અબુને મળવા પણ જવાનો હતો. તેની પાસેથી પાકિસ્તાની વિઝા મળી આવ્યા હતા. ત્રાસવાદીઓ ગુજરાત કે ભારતમાં લોકલ સંપર્ક પણ ધરાવતા હોવાની સુરક્ષા એજન્સીઓને શંકા છે. ગુજરાત એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને ૧૫ દિવસ પહેલા એક માહિતી મળી હતી કે ચાર આતંકીઓ ગુજરાતમાં પ્રવશે કરવાના છે. જેના પગલે છેલ્લા પંદર દિવસથી એરપોર્ટ અને રેલવે સ્ટેશન પાર વોચ રાખવામાં આવી હતી. આ ચાર આતંકીઓ ની ઓળખ કરવા માટે ગુજરાત એટીએસએ હજારોની સંખ્ય માં હવાઈ અને ત્રણમાં મુસાફરી કરતા મુસાફરોની યાદી તૈયાર કરી હતી.

જેમાં શંકાના દાયરામાં ઈન્ડિગો ફ્લાઇટના ચાર મુસાફરો આવ્યા હતા. જેના નામ હતા નુસરથ ગની, નફરાન નૈફેર, ફારીસ ફારૂક અને રસદીન રહીમ હતા. ગુજરાત એટીએસે ૧૯મીને રાત્રે ૮ વાગે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઇટ આવે એ પહેલા જ કોર્ડન કરીને નુસરથ ગની, નફરાન નૈફેર, ફારીસ ફારૂક અને રસદીન રહીમને પકડી પડ્યા હતા.

આ ચાર આતંકીઓ અંગ્રેજી કે હિન્દી ભાષા ના જાણતા હતા અને માત્ર તામિલ ભાષા જ જાણતા હોવાથી અમદાવાદના દુભાષિયા મારફતે પૂછપરછ કરી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. આ ચારેય આતંકી ISIS ના આતંકીઓ છે જે ગુજરાત અને ભારતમાં યહૂદી, ખ્રિસ્તી , RSSAને BJP ના લોકો પર હુમલો કે આત્મઘાતી હુમલો કરવાના હતા. જેના માટેની તમામ તૈયારીઓ આ આતંકીઓ કરી નાખી હતી.

આતંકીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, હેન્ડલર અબુ બકર બગદાદીના ગત ફેબ્રુઆરી માસમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યા હતા અને આતંકી સંગઠનમાં જોડયા હતા.હેન્ડલર અબુ બકર બગદાદી મૂળ શ્રીલંકાનો છે અને હાલ પાકિસ્તાનમાં વસવાટ કરે છે. હેન્ડલર અબુ બકર બગદાદીએ ગુજરાત આવવા માટે કહ્યું હતું અને અબુ બેકાર બગદાદીએ શ્રીલંકાના ચલણમાં ૪ લાખ રૂપિયા પણ આપ્યા હતા ત્યારે વધુ પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ ચાર આતંકીઓ હુમલો કરવા માટેથી હથિયાર પણ ગાંધીનગરના ચિલોડા ખાતેથી નર્મદા કેનાલ પાસે અવાવરૂ જગ્યા પર ત્રણ પિસ્તોલ અને ૨૦ કારતુસ પહેલેથી જ છુપાવીને રખયા હતા, જે લેવા જવાના હતા અને ત્યારબાદ હુમલો કરવાના હતા, પરંતુ તે પહેલા જ ગુજરાત એટીએસએ પકડી પાડયા હતા.

# ટંકારામાં સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂની નાની મોટી ૪૭૮ બોટલ ભરી નીકળેલ જામનગરનો એક શખ્સ ઝબ્બે

## ટંકારા પોલીસે દારૂ તથા સ્વીફ્ટ કાર સહીત ૩.૬૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ટંકારાની ખીજડીયા ચોકડી નજીકથી સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા જામનગરના એક શખ્સને દબોચી લઇ સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૪૭૮ નંગ બોટલ ઝડપી લેવામાં આવી છે. આ સાથે દારૂનો જથ્થો તેમજ કાર કબ્જે લઇ આરોપી વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.



ટંકારા પોલીસ મથકના પીએસઆઇ એમ.જે.ધાંધલ તેમજ પો.કોન્સ રમેશભાઈ રબારી તથા બીપીનકુમાર શેરશીયાને ખાનગીરાહે હકીકત મળેલ કે, મોરબી તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી રજીસ્ટર નંબર- જીજે-૧૦-બીજી-૯૬૮૧માં દારૂની પેટીઓ ભરી ટંકારા તરફ આવતી હોય જેથી મળેલ ચોક્કસ બાતમીને આધારે ટંકારા ખીજડીયા ચોકડીએ વોચમા હોય તે દરમિયાન ઉપરોક્ત બાતમી મુજબની સ્વીફ્ટ ગાડી ત્યાંથી પસાર થતા તેને રોકી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૭૫૦એમએક તેમજ ૧૮૯એમએલ ક્ષમતાની અલગ અલગ બ્રાન્ડની ૪૭૮ નંગ બોટલ કિ.રૂ.૬૭,૦૦૦/-મળી આવી હતી. આ સાથે સ્વીફ્ટ કાર ચાલક આરોપી ઇનાયતભાઇ ઇબ્રાહીમભાઇ મસીયા ઉવ-૨૪ રહે.રણજીતસાગર રોડ નંદનવન સોસાયટી શેરી નંબર- ૦૧ પિંજારાવાસ જામનગરની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. હાલ ટંકારા પોલીસે વિદેશી દારૂ તથા સ્વીફ્ટ કાર સહીત રૂ.૩.૬૭ લાખનો મુદામાલ કબ્જે લઇ પકડાયેલ સ્વીફ્ટ કાર ચાલક આરોપી સામે પ્રોહી. હેઠળ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ ચલાવી છે.

# જેતપુરમાં સ્લેબ તોડતાં સર્જાયેલી દુર્ઘટનામાં એકનું મોત




**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં બળદેવધાર વિસ્તારમાં પોતાના મકાનનો સ્લેબ તોડવાની કામગીરી યુવક કરી રહ્યો હતો તે વેળાએ સ્લેબ ધરાશાયી થતા નીચે દટાયા જતા જેમાં યુવકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું હતુ. પોલીસે તપાસ હાથ ધરી હતી

બનાવની વિગત મુજબ જેતપુરના પોરબંદર નેશનલ હાઇવે પાસે આવેલ બળદેવ ધાર વિસ્તારમાં આજે ૫ વાગ્યા આસપાસ મકાન માલિક પોતાના હાથે ડ્રિલ મશીન લઇ સ્લેબ તોડી રહ્યા હતા એ દરમિયાન સમગ્ર કાટમાં નીચે આવતા પ્રકાશ આંબાભાઈ ધોરાળીયા ઉ.વ.૪૦ નું નીચે દટાઈ જતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ, નગરપાલિકની ટીમ,તેમજ મામલતદાર ઘટના સ્થળે દોડી ગયા હતા. મકાનના સ્લેબ નીચે દબાયેલા યુવકને ક્રેનની મદદથી બહાર કાઢી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ. જ્યાં હોસ્પિટલના હાજર પરના ડોક્ટરે યુવકને મૃત જાહેર કરતા પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો જેતપુર ઉદ્યોગ નગર પોલીસે તપાસ હાથ ધરી હતી

# જામનગરની સૂકી ઝાડીઓમાં વિકરાળ આગ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર સૂકી ઝાડીઓમાં વિકરાળ આગ જામનગર શહેરની ભાગોળે આવેલ વિભાગ ૫ર ગામ નજીકના રેલવે ફાટક પાસે સૂકી જાડીઓમાં એકાએક આગભુકી ઉઠી હતી . જેને લઈને જામનગર મહાનગરપાલિકાના ફાયરે ત્વરિત પહોંચી જઈ ,આગ પર નિયંત્રણ મેળવ્યું હતું અને મોટી દુર્ઘટના બનતા અટકાવી હતી .

# જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ફૂડ ચેકિંગ હાથ ધરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાપાલિકાની ફૂડ શાખાએ ચેકીંગ કરી અખાદ્ય પદાર્થો નષ્ટ કર્યા : મસાલાના નમૂના લીધા.ફાસ્ટફૂડ, હોટલ, રેસ્ટોરન્ટ, ખાદ્ય પદાર્થો, ઠંડાપીણાના વિતરકોની સઘન તપાસણી: સાવચેતી રાખવા સૂચનાઓ અપાઈ જામનગર મનપાની ફૂડશાખા અચાનક જ વધુ સક્રિય થઈ ગઈ અને ખાદ્ય-પેટા પદાર્થોના વિતરકોને ત્યાં સઘન ચેકીંગ કર્યુ. આ દરમિયાન કેટલાક નમૂના લઈને લેબમાં મોકલ્યા અને કેટલાક અખાદ્ય જથ્થાનો નાશ કર્યો.જામનગર મહાનગરપાલિકા ના ફડ સેફ્ટી ઓફિસર દ્વારા અલગ અલગ વિસ્તારમાં માંથી કુલ ૬ ખાદ્ય પદાર્થ ના નમુના લઈ પરીક્ષણ અર્થે -આણંદની લેબોરેટરી માં મોકલવામાં આવ્યા. જેના પૃથ્થકરણ રિપોર્ટ આવે થી આગળની નિયમો હેઠળ આગળ કાર્યવાહી કરવામાં આવશે. આ.ઉપરાંત અમુક ખાદ્ય પદાર્થ નાં.જથ્થા નો નાશ કરવામાં આવ્યો હતો.કપીલ એજન્સી કિચન કીંગ મસાલા.એવરેસ્ટ બ્રાન્ડ. લાખોટા તળાવ પાસે , વાસુદેવ સ્ટોર ચણા મસાલા.એમડીએચ બ્રાન્ડ. કે.વી. રોડ, બાલાજી માર્કેટિંગ પનીર ટીક્કા મસાલા મિક્ષ.સુહાના બ્રાન્ડ. સ્વામિનારાયણનગર , ઠક્કર સેલ્સ એજન્સી પાવભાજી મસાલા.બાદશાહ બ્રાન્ડ. ગ્રેઈન માર્કેટ, જેન્તીલાલ એન્ડ બ્રધર્સ ધાણાજીરૂં પાવડર.હાથી બ્રાન્ડ.ગ્રેઈન માર્કેટનાં નમુંના લેવામાં આવ્યા હતાં.જામનગર



મહાનગરપાલિકાના એફ.એસ.ઓ. દ્વારા અલગ-અલગ વિસ્તાર મા આવેલ ફાસ્ટફૂડ,હોટલ-રેસ્ટોરન્ટ, વગેરે સ્થળો એ રૂબરૂ ઇન્સપેક્શન દરમિયાન સાફ સફાઈ અને સ્વછતા જાળવવી,હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા,સમયસર પેસ્ટકંટ્રોલ કરાવી લેવા, પેઢીમાં કામ કરતાં કર્મચારી ના ફીટનેશ સર્ટીફિકેટ કરવા.તેમજ પ્રિન્ટેડ પસ્તી નહી વાપરવા અંગે સૂચના આપવામાં આવી હતી. જય ભોલે રેસ્ટોરન્ટ.નાગનાથ ગેઈટ.માંથી૧૦ કિલો મંચુરિયન , ૨ કિલો આટા, ૧ કિલો બોઈલ શાકભાજી , ૩ કિલો નૂડલ્સ , ૫ કિલો સોસ નાશ નો નાશ કરવા મા આવ્યો હતો. રાજુભાઈ ઢોસાવાલા.મહાપ્રભુજી બેઠક રોડ. માંથી ૫ કિલો મંચુરિયન, ૩ કિલો ભાત , ૪ કિલો નૂડલ્સ, ૧ કિલો ડ્રેગન પોટેટો વાસી જણાતા તેનો નાશ કરાવાયો હતો.મિથુનભાઈ તન્ના.ગૃહ ઉધોગ, અટલ રેસીડેન્સી આવાસ.લાલવાડી.ને દિ-૪ મા વેપાર રેસીડન્સી વિસ્તાર માંથી ઇન્ડસ્ટ્રીયલ એરિયા મા લઇ જવા નોટીશ આપવા આવી હતી.

મહાવીર કુલ્ફી આઈસક્રીમ અને હિતુલાલા રજવાડી ને.હરિયા સ્કૂલ બાજુમાં.સાફ સફાઈ અને સ્વછતા જાળવવી,હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા સૂચના આપી હતી.જામનગર મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા શહેર ના પંચેશ્વર ટાવર નજીક આવેલ કિશોર રગડાવાલા અને મહાલક્ષ્મી ચોક મા આવેલ દીનું મારાજ ભેલવારા નામની પેઢી લાયસન્સ ન ધરાવતી હોવાથી ફૂડ લાયસન્સ.રજીસ્ટ્રેશન મેળવવા નોટીસ પાઠવી તે અંગે તાકીદ કરવામાં આવી.હતી ઉનાળાની સીઝનને અનુલક્ષીને કેરીનું વેચાણ કરતાં વિક્રેતા ને ત્યાં રૂબરૂ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવેલ જેમાં એડલ્ટન્ટ તરીકે વપરાતું કેલ્શિયમ કાર્બાઇડ કોઈ જગ્યા એ મળી આવેલ નથી તેમજ તમામ ગોડાઉન માલિકો ને પરમીટેડ ઇથીલીન ના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવ્યા તેમજ જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવા આવી હતી.જેમાં યુસુફભાઈ નુરમામદ. કેરી ગોડાઉન. મોચીસાર નો ઢાળીયો, અબ્દુલ રજાક મીરચી, યુસુફ ઘાણીવારા સીદીક યુસુફ હુસેન, યુનુસભાઈ ગની , અખ્તર લાકડાવારા સુભાષ માર્કેટ. સાજીદ ટીટોડી, શાહિદબાબુ , સબ્બીર, સલીમ મીરચી, સલીમ કેળાવારા , મહમદ ફારૂક અયુબભાઇ, ઇકબાલ હાજી ગફાર અફઝલ ટીડાનો સમાવેશ થાય છે.

# મોરબીમાં ભગવાન શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા નવા વર્ષના હોદેદારોની વરણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભગવાન શ્રી પરશુરામ યુવા ગૃપ ના વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રમુખ તરીકે જયદીપભાઈ મહેતા અને મહામંત્રી તરીકે ઋષિભાઈ મહેતા, ધવાનીતભાઈ દવે અને હાર્દિકભાઈ ભટ્ટની વરણી કરવામાં આવી છે. ત્યારે આ વર્ષ ૨૦૨૪-૨૫ નવી ટીમની પ્રથમ સામાન્ય સભા મોરબી શ્રી પરશુરામ ધામ નવલખી રોડ ખાતે પ્રમુખ જયદિપભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સર્વાનુમતે ઉપપ્રમુખ ધરમભાઇ રાવલ,




ભાવિનભાઈ વ્યાસ, આર્યનભાઈ ત્રિવેદી, વિજયભાઈ રાવલ, શિવભાઈ જાની, જીગરભાઈ દવે, યાજ્ઞિકભાઈ ગામોત, અને વિશાલભાઈ મહેતાની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે સંયોજક તરીકે નયનભાઈ પંડ્યા અને લીગલ સેલ તરીકે મહિદ્રભાઈ દવેની નિમણુક કરાઈ, સહમંત્રી તરીકે રાકેશભાઈ પંડ્યા, કિશનભાઇ મહેતા, દિવ્યેશભાઈ મહેતા, ઉદેયભાઈ જોશી, પરિમલભાઈ દવે, હર્ષભાઈ જાની, દેવુભાઈ જોશી અને સાગરભાઇ પંડ્યાની જ્યારે સોશિયલ મીડિયા સેલ તરીકે ભાર્ગવભાઈ શુકલ આયુષભાઈ જાની મૈત્રીક ભાઈ જોશી અને ધૈર્યભાઈ દવેની નિમણુક કરવામાં આવી છે.

# સિંહણના ગેરકાયદે મૃતદેહ નિકાલનાં ગુનામાં સંડોવાયેલ બંન્ને ઇસમોના રીમાન્ડ પૂર્ણ થતા જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વનવિભાગની રેન્જ દ્વારા સામાજીક વનિકરણ રેંજ કાલાવડ કચેરીને જાણ થયેલ કે કાલાવડની ખંઢેરા બીટના કાર્યક્ષેત્ર હેઠળ હંસ્થળ રેવન્યુ વિસ્તારમાં મળદપીર દરગાહની પાછળ વાળા ભાગમાં સિંહણનો મૃતદેહ જુની બેલા પથ્થર ખાણમાં દાટેલી હાલતમાં જોવા મળેલ હોય અને જે ગેરકાદેસર રીતે નિકાલ કરેલ હોય તેવુ પ્રાથમિક નજરે જણાઇ આવતા સ્થળ પર તત્કાલીક વનવિભાગની ટીમ, એફ.એસ.એલ ટીમ, વેટરનરી ડોક્ટરોની ટીમ પહોંચી જઇ સ્થળ પર ખોદકામ કરીને સિંહણના મૃતદેહને બહાર કાઢી વધુ તપાસ માટે સેમ્પલો એકત્રીત કરવામાં આવેલ હતા.જે તપાસમાં મુખ્ય વનસંરક્ષક જુનાગઢ ડો.કે.રમેશ, વન સંરક્ષક રાજકોટ આર.સેન્થિલકુમાર તથા નાયબ વન સંરક્ષક જામનગર વન વિભાગ આર.ધનપાલ અને નાયબ વન સંરક્ષક, સામાજીક વનિકરણ વિભાગ દેવભુમી દ્વારકા અરુણકુમાર સહીતના ઉચ્ચ અધિકારીઓએ ગુન્હા બનાવના સ્થળની રૂબરૂ મુલાકાત કરી બનાવનો તાગ મેળવી ગુનો શોધી કાઢવા તથા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢવા ચાવીરૂપ માર્ગદર્શન આપેલ.તપાસમાં અલગ અલગ સ્થળે રેડ કરવામાં આવેલ અને બનાવને સંલગ્ન ઇસમોના નિવેદનો નોંધી વાડીની ફરતે મુકાયેલ ફેન્સીંગમાં વીજ કરંટથી સિંહણના મૃત્યુ બાદ તેના મૃતદેહના નિકાલનાં ગુના કેસમાં સંડોવાયેલ ઇસમો સુધી પહોચી કુલ ૦૨ ઇસમો નજરમામદ નોયડા ઉર્ફે નિઝામ અનવર નોયડા ગામ હંસ્થળ અને હુશેન ખાનમામદ નોયડા ગામ હંસ્થળ વિરુદ્ધ કાલાવડ રેન્જ ગુના રજીસ્ટર નંબર ૦૧/૨૦૨૪-૨૫ તા.૧૦/૦૫/૨૦૨૪ થી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૨૨) ની કલમ ૨(૧),૨(૧૬), ૨(૧૬)(સી), ૨(૩૩), ૯, ૩૯, ૫૦, ૫૧, ૫૨, ૫૫(એ) અને કલમ ૫૭ હેઠળનો ગુનો રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને વાઈલ્ડ લાઈફ વોર્ડન કાલાવડને મળેલ સત્તાની રૂએ દાખલ કરેલ. અને તપાસ દરમિયાન સરકારી પંચોની હાજરીમાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લીધેલ ગાડું નંગ-૦૧, મોટર સાયકલ નંગ-૦૧, દાતરડું નંગ-૦૧, પાવડો નંગ-૦૧, તગારા નંગ -૦૨, વાડીની ફરતે ઇલેક્ટ્રીક શોર્ટ માટે ઉપયોગ કરેલ તાર ના બંડલ નંગ-૦૩,લાકડા ની સાઠી-૩૮ નંગ,મોબાઇલ નંગ-૦૨ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી આરોપીઓને કાલાવાડ ખાતે જ્યુડીશીયલ ફર્સ્ટક્લાસ જજની કોર્ટમાં તા.૧૧.૦૫.૨૦૨૪ ના રોજ રજૂ કરી તેના રીમાન્ડ મેળવેલ જે રીમાન્ડ દરમીયાન આરોપીઓ પાસે સરકારી પંચો રૂબરૂ ઘટનાક્રમનું રીકન્ટ્રક્શન કરાવવામાં આવેલ. સિંહણનો મૃતદેહ ગાડામાં લઇ મળદપીર દરગાહ પાછળ વાળા જુની બેલા પથ્થર ખાણ ખાતે લઇ જવામાં આવ્યો હોવાનું તપાસમાં ખુલ્યુ હતું તેમજ જીપીએસ ટ્રેકિંગવાળો સિહણના ગળાનો કોલર તેના મૃતદેહથી અંદાજીત પાંચ કી.મી. દુર જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો હતો.આરોપીઓનાં રીમાન્ડ પુરા થતા કાલાવાડની નામદાર કોર્ટમાં બન્નેને તા.૧૩.૦૫.૨૦૨૪ ના રોજ ફરી રજૂ કર્યા હતા.જ્યા તેઓની કોર્ટ સમક્ષ જામીન અરજી મુકાઇ હતી જે નામંજુર થતાં બંન્નેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલાયા હતાં.વધુ માહિતી આપતા કાલાવડ રેંજ ફોરેસ્ટ ઓફિસર ડી.એસ.રાઠવા જણાવે છે કે સદર ગુનો વન્ય પ્રાણીઓ મુંગા પ્રાણીઓ સંબંધિત હોય જે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨(સુધારા અધિનિયમ-૨૦૨૨) મુજબ ગુનામાં સંડોવાયેલા ઇસમો તથા ગુના સંબંધિત બાતમીદારોને ઇનામની જોગવાઈ અનુસાર આ ગુના સંબંધિત ખાનગી બાતમી આપનારને જોગવાઇ મુજબનુ ઇનામ ખાનગી રાહે આપવામાં આવશે. જેથી બાતમીદારોએ ખાનગી બાતમી વન વિભાગને આપવા પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

આ એક્ટ ભારતના રાષ્ટ્રીય સંપતિ એવા વન્ય પ્રાણીઓનો વિશિષ્ટ એક્ટ છે. આ એકટની કલમ-૫૨ મુજબ આ ગુનામાં ખોટી રીતે કે આડકતરી રીતે આરોપીઓને મદદ, ઉશ્કેરણી, પ્રોત્સાહન કરનાર કે કરાવનાર કોઈપણ નાગરિકને આ એક્ટની મદદગારીની જોગવાઈ લાગુ પડે છે. જેથી આ અધિનિયમની અમલવારીમાં સીધા કે આડકતરી અવરોધ ઊભો કરશે તેઓ પણ આ વિશિષ્ટ કાયદાની કલમની જોગવાઈ મુજબ ગુનેગાર ગણાય છે. જેથી જાહેર જનતા સદર વિશિષ્ટ કાયદાની અમલવારીમાં કોઈ બાધ ઊભો ન કરે તે બાબતે પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

સિંહણના શિકારમાં અન્ય કોઇ આરોપીઓ આ ગુનામાં સંકળાયેલા હોય તો તેવા આરોપીઓને પકડવા પણ વન તંત્ર દ્વારા આગળની તપાસ ચલાવાઈ રહી છે.

# જેતપુરમાં સર્વરોગ નિદાન કેમ્પમાં ૩૨૮ દર્દીઓએ લાભ લીધો

## તમામ દર્દીઓને દવા, ચશ્માં, આંખના ટીપા વિનામૂલ્યે આપવામાં આવ્યા



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટના સૌજન્યથી સરદાર ચોક પાસે આવેલી આત્મીય હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે મેગા સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો, જે સફળ રહ્યો હતો. આ કેમ્પમાં રાજકોટનાં સુપર સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોની ટીમ સાથે જેતપુરનાં નિષ્ણાત તબીબોએ માનદ્ સેવા આપી હતી. જેમાં શહેરી-ગ્રામીણ વિસ્તારનાં ૩૨૮ દર્દીઓએ લાભ લીધો હતો, જેમને દવાઓ અને ચશ્મા પણ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા.

જેતપુરમાં સરદાર ચોક પાસે આત્મીય સર્વરોગ નિદાન કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે નરેન્દ્ર ઝીબા, રાજકોટનાં સુપ્રસિધ્ધ ડો.અમીત હાપાણી, ડો. એમ.વી. વેકરીયા, ડો. અજય મહેતા, ડો. નિકુંજ ચોવટીયા સાથે જેતપુરનાં પ્રતિનિધિ પ્રવીણભાઈ પટેલ, હરીશ મણિયાર અને આત્મીય હોસ્પિટલનો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


આ કેમ્પમાં ડો. તીર્થ પટેલ, ડો. હેમંત મીશ્રા, ડો. શક્તિસિંહ ઝાલા, ડો. પ્રીતેશ લોહાર, ડો. કુણાલ દેસાઈ, ડો. હાર્દિક ધમસાણીયા, ડો. શૈલેષ ગજેરા, ડો. રમેશ પાદરીયા, ડો. હિરેન પટોળિયા, ડો. ભાવેશ ભટ્ટ, ડો. દર્શિત આંબલિયા, ડો. એમ.વી. વેકરીયા, ડો. ધ્વનિ શાહ આંબલીયા, ડો. નિકુંજ ચોવટીયા, ડો. રીયા ચૌધરી, ડો. કાર્તિક પટેલ, ડો. અવની ગોડવાની, ડો. માન્વી ત્યાગીએ માનદ્સેવા આપીને તમામ દર્દીઓને તપાસ્યા હતા અને દર્દ-પીડા અંગે જરૂરી માર્ગદર્શન આપવા સાથે દવાઓ અને કાળજી રાખવા સંબંધિત સૂચન આપ્યા હતા. જેતપુર શહેર અને આસપાસનાં ગ્રામ્ય વિસ્તારનાં ૩૨૮ જેટલા દર્દીઓએ સવારે ૯ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. જેમાં તેઓને કિડની, મૂત્ર માર્ગ, પ્રોસ્ટેટ, કેન્સર, હૃદય, ફેફસા, હાડકા, દાંત, સ્ત્રીરોગ, પેટ, આંતરડા, બાળરોગ, ચામડી, વાળ, કાન, નાક, ગળા, આંખ વગેરેનાં રોગોનાં નિદાન કરી આપવામાં આવ્યા હતા. ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા દરેક દર્દીઓને જરૂરી દવાઓ અને ચશ્મા પણ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. વિનામૂલ્ય સર્વએ વિદાય વોકહાર્ટ હોસ્પિટલ, સુશ્રુત હોસ્પિટલ, સવાણી હોસ્પિટલ, એસ્ટેલ સ્કીન, ઈએનટી ક્લિનિક અને સિવિલ હોસ્પિટલ ઉપરાંત જેતપુરની આત્મીય હોસ્પિટલ, વાત્સલ્ય હોસ્પિટલ, શ્રીજી ડેન્ટલ ક્લિનિક, શ્રીજી મેટરનિટી હોસ્પિટલ, પરમેશ્વર હોસ્પિટલ વગેરેનો પણ ખૂબ જ સહકાર મળ્યો હતો.

# પરશુરામ યુવા ગ્રુપ મોરબી દ્વારા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયુ

**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રી પરશુરામ યુવા ગ્રુપ મોરબી દ્વારા શ્રી પરશુરામ કપ ૨૦૨૪ નું નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કુલ બ્રહ્મ સમાજની ૧૬ ટીમો ભાગ લેશે જેમાં વિનરને ૧૫૦૦૦ અને રનર્સ અપને ૭૫૦૦ નું ઇનામ આપવામાં આવશે.

શ્રી પરશુરામ યુવા ગ્રુપ મોરબી દ્વારા શ્રી પરશુરામ કપ ૨૦૨૪ નું નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૬ ટીમો ભાગ લઈ શકશે જેના માટે રજિસ્ટ્રેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. જેની રજીસ્ટ્રેશન ફી ૬૫૦૦ રાખવામાં આવી છે જેની છેલ્લી તા. ૦૫/૦૬/૨૦૨૪ છે. ટુર્નામેન્ટ ૦૭/૦૬/૨૦૨૪ થી ૦૯/૦૬/૨૦૨૪ સુધી મોરબીના નવા નાગડાવાસ મુરલીધર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાડવામાં આવશે જેમાં ચેમ્પિયન ટીમને ૧૫૦૦૦ અને રનર્સઅપ ટીમને ૭૫૦૦ નું ઈનામ આપવામાં આવશે. જેના આયોજક તરીકે પ્રમૂખ જયદીપભાઈ મહેતા મોબાઇલ નં. ૯૭૨૭૭ ૧૬૧૭૬ મહામંત્રી ઋષિ મહેતા મોબાઈલ નંબર ૭૪૦૫૪




૦૦૯૯૯, ધ્વનિતભાઈ દવે મોબાઈલ નંબર ૯૯૨૫૬ ૮૮૧૮૮, હાર્દિકભાઈ ભટ્ટ મોબાઈલ નંબર ૯૬૩૮૮ ૧૯૫૫૫ અને વધુ માહિતી માટે દિવ્યેશ મહેતા ૭૫૭૫૮ ૮૦૫૫૫, પરિમલ દવે મોબાઇલ નં ૮૧૫૪૦ ૦૦૦૩૩ અને જયદેવ જોષી મોબાઇલ નં. ૬૩૫૫૫ ૪૫૬૪૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

જે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે નિયમો બનાવવામાં આવ્યા છે જેમાં દરેક મેચ ૧૦ ઓવરનો રહેશે, દરેક ટીમોએ મેચ પહેલા ૩૦ મિનિટ પહેલા હાજર રહેવાનું થશે, એક બોલર મેક્સિમમ બે ઓવર નાખી શકશે, ત્રણ ઓવરનો પાવર પ્લે રહેશે, જો મેચ ટ્રાઈ થાય તો સુપર ઓવર રમાડવામાં આવશે, એલબિડબલ્યું સિવાયના તમામ નિયમો આઇસીસી ના લાગું રહેશે, થ્રો બોલિંગ નહિ ચાલે, આખરી નિર્ણય અમ્પાયરનો રહેશે, દરેક ટીમોએ વાઇટ ટી શર્ટ અને બ્લુ ટ્રેક પેન્ટમાં ક્રિકેટ રમવા આવવું, આખરી નિર્ણય આયોજકોનો રહેશે, કોઈપણ સંજોગોમાં ખેલાડીને ફિઝિકલ ઈજા પહોંચે તો આયોજકો જવાબદાર રહેશે નહિ, કોઈપણ ટીમમાં બ્રાહ્મણ સિવાયનો ખેલાડી હશે તો તે તેમને ડીસ ક્વોલીફાય કરવામાં આવશે, સમાજનું આયોજન હોવાથી દરેક ખેલાડીએ સાથ સહકાર આપવો, ખેલાડીએ આધાર કાર્ડ સાથે રાખવું, એક ખેલાડી એક જ ટીમમાં રમી શકશે, દરેક ઈનિંગ ૪૫ મિનિટ ની રહેશે, તેમ આયોજક શ્રી પરશુરામ યુવા ગૃપ મોરબી ની યાદીમાં જણાવવામાં આવ્યું છે. જેમાં શુભેચ્છક તરીકે સમસ્ત બ્રહ્મ સમાજ મોરબી, બ્રહ્મપુરી દેવલોપર્સ મોરબી, શ્રી પરશુરામ ધામ ટ્રસ્ટ મોરબી, સમસ્ત બ્રહ્મ સમાજ યુવક મંડળ મોરબી અને સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળે શુભેચ્છા પાઠવી છે.

# જામનગરમાં રાજકોટ રેન્જના આઈ.જી અશોકકુમાર યાદવ જામનગરની મુલાકાતે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાજકોટ રેન્જના આઈ.જી અશોકકુમાર યાદવ જામનગરની મુલાકાતે આવ્યા હતા ત્યારે જામનગર ગ્રામ્ય વિભાગના ડિવિઝનના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારના પોલીસ મથકોની વિઝીટ કરવામાં આવી હતી અને દ્વિવાર્ષિક ની ચકાસણી કરી હતી અને પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેમજ લોકસભા ૨૦૨૪ માં પોલીસની સારી કામગીરી અને ડિટેકશન બાબતે જિલ્લા પોલીસ વડાપ્રેમસુખ ડેલુ ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા સહિત પોલીસ અધિકારીઓને સન્માનની પત્ર એનાયત કર્યા હતા.આ રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ આજ રોજ જામનગરની મુલાકાતે આવ્યા અને જામનગર નો ગ્રામ્ય વિભાગનું દ્વિવાર્ષિક તપાસણીનું કાર્યક્રમ હોય જેથી જામનગર આવ્યા છે.અને આજના આખા દિવસમાં જે કાર્યક્રમ છે સામે જે જામનગર ગ્રામ્ય ની ડિવિઝન છે આ ડિવિઝનમા ક્રાઈમનો રીવ્યુ અને આ પછી અલગ અલગ જે ગ્રામ્ય પોલીસ સ્ટેશન છે.તે પોલીસ સ્ટેશનની વિઝીટ અને પોલીસ હેડ ક્વાર્ટર વિઝીટ અને અત્યારે શું શું કામગીરી ચાલી રહી છે અને અત્યારે જે બાળકોના રજા ને સમય છે તો બાળકો માટે પણ કામગીરી ચાલી રહી છે અને અત્યારે રિવ્યુ જે છે આ ચાલુ છે. જે ચૂંટણી યોજાઈ રહી હતી. તે દરમિયાન સરસ કામગીરી કરી એ આ બધા કર્મચારીઓ અને આને સાથે જે પોલીસ સ્ટેશન સારી રીતે જે ડિટેકશન અને બીજા બધા જે કામગીરી કરી છે એવા લગભગ ૫૦ થી વધારે જે પોલીસ કર્મચારીઓ છે અને સન્માનિત કરવામાં આવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોળી ઠાકોર સમાજ દ્વારા રાજુગીરીબાપુના પુતળા દહનનો પ્રયાસ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

કથાકાર રાજુગીરી બાપુ દ્વારા એક કથા જાહેર મંચ પર કોળી ઠાકોર સમાજ ઉપર કરેલ ટિપ્પણીને લઈ કોઈ ઠાકોર સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો,તેમજ ઠેર ઠેર રાજુ ગીરી બાપુનો ઠાકોર કોળી સમાજ વિરોધ કરી રહ્યા છે ત્યારે રાજકોટ ખાતે પણ ઠાકોર કોળી સમાજ દ્વારા શહેરના ત્રિકોણ બાગ ખાતે સૂત્રોચાર કરી તેમ જ રાજુ ગીરી બાપુ ના પૂતળાને લાતો મારી કોળી સમાજ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો સાથે જ ઠાકોર કોળી સમાજના આગેવાનો દ્વારા ચીમકી પણ વિચારવામાં આવી હતી કે જો આગામી સમયમાં રાજુ ગીરીબાપુ કોળી સમાજની જાહેરમાં માફી નહીં માંગે તો અમે એમની જ્યાં પણ કથા હશે ત્યાં તેમને બેસવા નહીં દે અને તેમનો વિરોધ કરશું.

## ગૌરવ પથ પર ખુલ્લેઆમ દારૂનું વેંચાણ અને સેવનથી જાહેર જનતા પરેશાનઃઆપ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આમઆદમી પાર્ટીના રાજકોટ શહેર પ્રમુખ અને આગેવાનો દવારા આજે શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે, ગુજરાતમાં દારૂ બંધી છે પરંતુ રાજકોટની મધ્યમમાં આવેલ કાલાવડ રોડ પર કેકેવી હોલ પાછળ ખુલ્લેઆમ દારૂનું વેંચાણ અને સેવન થઈ રહ્યું છે. ત્યારે આસપાસમાં આવેલ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓને હેરાનગતિ થઈ રહી હોય જેથી આમઆદમી પાર્ટી દવારા આ બાબતને ગંભીરતાને ધ્યાને લઈ આવા લોકો સામે કડક પગલા લેવા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી તાકીદે પગલા લેવા માંગ કરવામાં આવી છે. આવનારા દિવસોમાં યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો આમઆદમી પાર્ટી દવારા મીડિયાને સાથે રાખી આવા દારૂના અડ્ડાઓ પર જનતા રેડ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## રેલનગર પાસે ટાઉનશીપમાં બંધ ફ્લેટમાંથી રૂા.૩ લાખની મતાની ચોરી

### પરિવાર વેકેશન કરવા વતન જૂનાગઢ ગયા બાદ બંધ ફ્લેટને તસ્કરોએ નિશાન બનાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગરમાં આવેલ ટાઉનશીપમાં રહેતો પરિવાર જુનાગઢ વતનમાં વેકેશન કરવા ગયો હોય ૧૬ દિવસથી બંધ ફ્લેટના તાળા તોડી તસ્કરો ૩ લાખની રોકડ ચોરી જતા પ્રનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રેલનગરની શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશીપમાં રહેતા અને ઇલેક્ટ્રિક સબ સ્ટેશનમાં ઓઈલ ફિલ્ટરનું કામ કરતા તુષારભાઈ સુરેશભાઈ લીંબાસીયા ઉ.૩૮એ ચોરી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૪ તારીખે ફ્લેટને તાળું મારી પરિવાર સાથે જુનાગઢ વેકેશન કરવા ગયા હતા આજે સવારે પાડોશી સંજયભાઈએ ફોન કરી તમારા ફ્લેટના મેઈન દરવાજાના નકુચા તૂટેલા છે તેવું જણાવતા હું બસથી રાજકોટ આવ્યો હતો અને આવીને જોતા નકુચો તૂટેલો જોવા મળ્યો હતો અંદર જતા હોલ અને સામાન વેરવિખેર જોવા મળ્યો હતો બે મહિના પૂર્વે આરસના ખાનામાં નવું ઘર લેવા માટે રાખેલા ૩ લાખ રોકડા રાખ્યા હતા તે ગાયબ હોય જેથી અજાણ્યો શખસ ચોરી કરી ગયો હોવાનું જાણવા મળતા ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે એસ ભગોરાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## થેલેસેમિયા પીડીતોને સરકારી સહાય આપવા માંગ

### થેલેસેમિયા સોસાયટી રાજકોટ દ્વારા કલેક્ટરને અપાયું આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની થેલેસેમિયા સોસાયટી દવારા આજે કલેક્ટરને આવેદન આપી જણાવવામાં આવ્યું કે કે, થેલેસેમિયા થયેલ દર્દીનું જીવન હંમેશા શારીરિક સાથે માનસીક સંઘર્ષમય રહ્યું છે. રક્ત મેળવવા પણ સંઘર્ષ કરવો પડે છે. આ બાબતને ધ્યાનમાં લઈ સરકાર દવારા જો સહાય કરવામાં આવે તો રાહત મળે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે દરેક થેલેસેમિયા મેજર પેસન્ટને મળેલ રાશન કાર્ડને અંત્યોદય કાર્ડ કરી આપવામાં આવે, એસ ટી બસની સાથે રેલવે મુસાફરીમાં પણ લાભ આપવામાં આવે તેમજ દરેક દર્દીને એક સરખી વિકલાંગ કેટેગરી આપવામાં આવે.

## અપહરણનો ભોગ બનનાર યુવતીનો ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

### ગત સપ્તાહે યુવતીનું રાજા નામનો શખ્સ અપહરણ કરી ગયો'તોઃ પોલીસે મુકત કરાવી પરિવારને સોંપી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર યુવતીએ જાહેરમાં ઝાડ પર ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લેતાં ચકચાર મચી જવા પામી છે. તાલુકા પોલીસે ૪-૫ દિવસ આગાઉ જ અપહરણ કરીને લઈ ગયેલા શખ્સના ચુંગાલમાંથી યુવતીને છોડાવી હતી. જે બાદ તેણીએ આ પગલું ભરી લેતાં પરિવારમાં ઘેરો શોક છવાયો હતો.

આ અંગેની માહિતી મુજબ નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલી ઝુંપડપટ્ટીમાં રહેતી યુવતીએ ઘર નજીક જ લીમડાના ઝાડ પર ગળાફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લેતાં વિસ્તારમાં અરેરાટી મચી જવા પામી હતી. બનાવ અંગે જાણ થતાં ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી તેણીની તપાસ કરીને મૃત જાહેર કરી હતી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.

ઘટના અંગે મૃતક યુવતીના પરિવારજનોએ જણાવ્યુ હતુંકે, ગત તારીખ ૫/૫/૨૦૨૪ના દિવસે મૂળ ઉત્તરપ્રદેશાનો અને મુંબઈમાં કામ કરતો રાજા નામનો યુવક તેણીને રાજકોટથી અપહરણ કરીને નાશી છૂટ્યો હતો. જે બાદ પરિવાર દ્વારા પોલિસને જાણ કરતા પોલીસે જુદી-જુદી ટીમ બનાવીને તપાસ કરતા ગયા ગુરુવારે આરોપી તેમજ યુવતીને શોધી કાઢ્યા હતા.

પોલીસે તેણીનું મેડિકલ ચેકઅપ કરાવી તેના માતાપિતાને સોંપી દીધી હતી. દરમિયાન ગઇકાલે સવારે પાંચ વાગ્યા આસપાસ યુવતી મોબાઇલ લઈને ઘરેથી નીકળી ગઈ હતી. પરિવારે પોલિસને જાણ કરતા પોલીસે યુવતીને ફોન કર્યો હતો જેમાં યુવતીને ઘરે પરત આવી જવા માટે જણાવ્યુંહતું યુવતીએ ઘરે આવવાની હા પડી ફોન કાપી નાખ્યો હતો.

જે બાદ કોઈનો ફોન ઉપાડયો ન હતો. જે બાદ પોલીસ અને મૃતક યુવતીનો પરિવાર આજુબાજુના વિસ્તારમાં તેની શોધખોળ કરતા ઘરની પાછળની બાજુ આવેલી બાંધકામ સાઈટ નજીક ઝાડ પર તેનો મૃતદેહ લટકતો જોવા મળેલ.

ઘટના અંગે જાણ ૧૦૮ જાણ થતાં તબીબે યુવતીને જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાયો હતો.બનાવ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટની બાલાજી વેફર્સ વિરૂધ્ધ ગોંડલના વેપારીએ કરી કન્ઝયુમર કોર્ટમાં ફરિયાદ

### વેફર્સ તથા કંચેકસના પેકેટ પર નિયત વજન કરતા ઓછો ખાદ્ય પદાર્થ નીકળતાં ફરિયાદ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં રહેતા ધંધો કરતા વેપારી ભવ્યશ કુમાર વિનોદરાય ઢોલે રાજકોટ સ્થિત બાલાજી વેફર્સ પ્રા.લી. ની ગોંડલ માં બાલાજી ની ડીલરશીપ જે વજન લખેલ હોય તે કરતા ઓછા વજન ની ખાધ વસ્તુ ઓછી નીકળેલ છે તેવી ફરિયાદ કન્ઝ્યુમર કોર્ટમાં કરેલ છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ શહેર ખાતે યોગી પાન એન્ડ કોલ્ડ્રિસ બાલાજી વેફર્સ ની ડીલરશીપ ગોંડલ અને બાલાજી વેફર્સ પ્રા.લી. વિરુદ્ધ કન્ઝ્યુમર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. ગોંડલની ડીલરશીપ બાલાજીની તમામ પ્રોડકટ વેચાણ થાય છે પરંતુ અમુક ૨૧૦ની બાલાજી વેફર્સ અને કંચેકસ ના પેકેટ ઉપર કંપની દ્વારા જે નિયમ કરેલ વજન લખેલ હોય છે તેના કરતાં ખાદ્ય પદાર્થ ઓછો હોય છે.

આથી ભવ્યેશભાઈ ઢોલે ગ્રાહક સુરક્ષા માં ફરિયાદ કરેલ છે ભવ્યેશભાઈ વધુમાં જણાવ્યું છે કે બાલાજી વેફર્સમાં તમામ પ્રોડક્ટ ના પેકેટ ઉપર કંપની દ્વારા નિયત કરેલ વજન લખેલ હોય છે અને જે તે વસ્તુ કેટલા પ્રમાણમાં પેકેટમાં હોવી જોઈએ પરંતુ બાલાજીની પ્રોડક્ટસમાં વેફર્સ અને કંચેકસ ના જે રૂપિયા ૧૦ ના પેકેજ આવે છે તેમાં નિયત વજન કરતા વસ્તુ નીકળતી નથી તેથી તેમણે ગ્રાહક હકને ઉપયોગ કરી કોર્ટમાં યોગી પાન એન્ડ કોલ્ડ્રિસ્ત તેમજ ગોંડલ ખાતે બાલાજી ડીલરશીપ અને બાલાજી વેફર પ્રા.લી. વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે તેનો કેસ નંબર સીસી/ ૪૭૮/૨૦૨૪ થી તા. ૧૪/ ૫/૨૦૨૪ રોજ ફરીયાદ દાખલ કરી પોતાના હક્ક માં ચુકાદા ની માંગ કરી હતી.

## ઈન્સ્ટ્રાગ્રામમાં પરિચય કેળવી યુવતીને બસપોર્ટ પાછળની હોટલમાં લઈ જઈ શખ્સે દુષ્કર્મ આચર્યુ

### અરવલ્લી પંથકની યુવતીએ એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ ચોપડે અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકની યુવતીને તેના વતનના જ શખસે ઇન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી રાજકોટ લાવી બસ પોર્ટ પાછળની હોટલમાં દુષ્કર્મ આચર્યાનું જણાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકની ૨૮ વર્ષીય યુવતીએ તેના વતનના જ કાર્તિક કાલિદાસ બેરંડા નામના શખસ સામે એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે સોશ્યલ મીડિયા ઇન્સ્ટાગ્રામ યુઝ કરતી હોય તેના મારફ્ત કાર્તિક સાથે પરિચય થયો હતો તેણે રીક્વેસ્ટ મોકલતા એક્સેપ્ટ કર્યા બાદ બંને વાતચીત કરતા હતા અને કાર્તિકએ લગ્ન કરશે તેવું જણાવી સંબંધ કેળવ્યો હતો બાદમાં રાજકોટ આવી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એક હોટલમાં બંને મળ્યા હતા અહીં પોતે લગ્ન કરશે તેવું વચન આપી શરીર સંબંધ બાંધવાનું કહેતા પોતે ના પાડવા છતાં બળજબરીથી પોતાની સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો તે પછી પોતે વારંવાર લગ્નનું કહેતી હોય અને કાર્તિક ખોટા વાયદાઓ જઆપતો હોવાથી તેણીને લગ્નની લાલચ આપી હવસનો શિકાર બનાવી હોવાનું ફરિયાદમાં જણાવતા પીઆઈ બારોટ સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વાંકાનેરમાં વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલ વધુ એક આરોપીને પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ ઈંગ્લીશ દારૂના ગુનાના કેસમાં સંડોવાયેલ આરોપીને વાંકાનેર તાલુકા પોલીસે પાસા એક્ટ હેઠળ ડિટેઇન કરી અમદાવાદ મધ્યસ્થ જેલ હવાલે મોકલી આપવામાં આવ્યો છે.

મોરબી જીલ્લા પોલીસ મહાનીરીક્ષક રાજકોટ વિભાગ અશોકકુમાર યાદવ તથા મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠી તરફથી મોરબી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના થઇ આવેલ હોય જે અનુસંધાને વાંકાનેર વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડા તેમજ વાંકાનેર સીપીઆઈ વી.પી.ગોલના માર્ગદર્શન હેઠળ અમો વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એલ.એ.ભરગાએ ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ આરોપી આશીષભાઇ હેમુભાઇ ધુડાભાઇ ઉઘરેજીયા ઉવ.૨૫ રહે.જોરાવરનગર,હનુમાનચોક શેરી નં.૧૪,સુરેન્દ્રનગર વાળાની મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટ તરફથી પાસા દરખાસ્ત મંજુર થઇ આવતા પાસા વોરંટની બજવણી કરી આરોપીની અટકાયત કરી તેને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

## ધ્રોલના ચોરીના ગુન્હામાં સંડોવાયા પછી નાસી ગયેલા બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર ધ્રોલમાં ગયા વર્ષે ઘરફોડ ચોરી થઈ હતી. તે ગુન્હામાં સંડોવાયેલા ખંભાળિયાના વાડીનાર તથા ભરાણા ગામના બે શખ્સને ધ્રોલ પોલીસે સોયલ ગામ પાસેથી પકડી પાડ્યા છે. બંનેના કબજામાંથી મોબાઈલ તથા રૂ. ૨૫ હજાર રોકડા મળી આવ્યા છે.ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગયા વર્ષે ઘરફોડ ચોરીનો એક બનાવ બન્યો હતો. તેની નોંધાયેલી ફરિયાદ પછી ધ્રોલના પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં મળેલી બાતમીના આધારે સોયલ ગામ નજીક ઉંડ નદીના પુલ પાસે દરગાહ નજીકથી ખંભાળિયાના વાડીનાર ગામના સાહિલ સુલેમાન ગંઢાર, ભરાણા ગામના રઘુવીરસિંહ હકાજી જાડેજા નામના બે શખ્સને પકડી લેવાયા હતા.આ શખ્સોની તલાશી લેવાતા રૂ. ૨૫ હજાર રોકડા, એક મોબાઈલ મળી આવ્યો હતો. બંનેની પૂછપરછ કરતા તેઓએ ઉપરોક્ત ચોરીને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપી છે. પોલીસે બંનેની પૂછપરછ હાથ ધરી છે. સાહિલ અગાઉ જામનગરમાં ચોરીના એક બનાવમાં સંડોવાયેલો છે અને રઘુવીરસિંહ સામે વાડીનારમાં દારૂબંધી ભંગનો ગુન્હો નોંધાયેલો છે.

### રાજકોટ મનપાના વોટર વર્કસ સમિતિના વા.ચેરમેન જયાબેન ડાંગરનો આજે જન્મદિવસ



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ ના જાગૃત મહિલા કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગર ભૂતકાળમાં એસ્ટેટ કમિટીના ચેરમેન હાઉસિંગ કમિટીના ચેરમેન રોશની સમિતિના ચેરમેન જેવી અનેક સમિતિઓની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી છે તેમનો આજે જન્મ દિવસ છે. શુભેચ્છકો તરફથી લાખેણી શુભકામના પાઠવવામાં આવી છે.

## જેતપુરમાં પ્રેમિકા અને પરિવારજનોના ત્રાસથી યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

### પોલીસે સ્યુસાઈટ નોટને આધારે તમામ આરોપીની ગણતરીની કલાકમાં કરી ધરપકડ



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના દરબારગઢ ચોકમાં રહેતા ૩૩ વર્ષીય યુવાને પ્રેમીકાના પરિવારજનોના ત્રાસથી કંટાળી આપઘાત કરી લીધો હતો તેને લખેલી સ્યુસાઈટનોટના આધારે પોલીસે આ મામલે બે મહિલા બે બાળકો સહિત ૭ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જેમાં પાંચની ધરપકડ કરવામાં આવી છે.જ્યારે બે બાળકોને બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.જેમાં ૫ આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરાયા હતા જેમાં ૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

બનાવની વિગત મુજબ તા.૧૯ મે ના રોજ સવારે જેતપુરના દરબારગઢ વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય જયેશ સોરિયા નામના યુવાને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જયેશે આપઘાત પૂર્વે લખેલી સ્યુસાઈટ નોટ મળી આવી હતી જેમાં આપઘાત પાછળનું કારણ જયેશની પ્રેમીકાના પરિવારજનોના ત્રાસથી કંટાળી તેને આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. આ મામલે જયેશના પત્નીએ કિરણબેનએ ફરિયાદ નોંધાવતા હીનાબેન દિલીપભાઈ ડાભી, સાથે જયેશને અનૈતિક સંબંધ હોય જેથી તેમની મૃતક ની પત્ની સાથે છૂટાછેડા લેવા તેમજ મૈત્રી કરાર કરવા દબાણ કરતા હોય તેમ જ દિલીપ બાબુભાઈ ડાભી,અને ચેતન જયંતીભાઈ ખસિયા મૃતકને અવારનવાર સાક ધમકીઓ આપી મૃતકનો મોબાઈલ ગીરવે મૂકી દઈ તેમજ મૃતક જયેશ સોરીયા પાસેથી ૧૦ થી ૧૫ લાખ રૂપિયા લઇ લીધેલ તેમજ વધુ રૂપિયાની માંગણી માટે મૃતકને ધમકી આપતા માનસિક ત્રાસ આપવાના કારણે મજબૂર થતા મૃતકે સુસાઇડ કરેલ. પોલીસે આરોપી દિલીપભાઈ ડાભી, દિલીપ બાબુભાઈ ડાભી રહે.જેતપુર તેમજ, રાધિકાબેન ચેતનભાઇ ખસિયા, ચેતન જયંતીભાઈ ખસિયા, મનોજ ગીરીશભાઈ પરમાર રહે.ગોંડલ અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તેમજ બાળ કિશોરી સામે આઇપીસી કલમ ૩૦૬,૩૮૪,૩૮૯,૧૧૪ મુજબનો ગુનો નોંધી આરોપીઓને જેતપુર કોર્ટમાં હાજર કર્યા હતા જેમાં કોર્ટે એક દિવસના જામીન મંજૂર કર્યા હતા તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બંને બાળકોને બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલવામાં આવ્યા હતા.

## જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા ખાંભાના જામકા અને માલકનેશ ગામ ખાતે ૬૦૦ જેટલી ઓર્ગેનિક ખાતરની થેલીઓનું વિતરણ કરવામા આવ્યુ



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલાઃ** જીએચસીએલ દ્વારા પોતાની ઔધ્યોગીક સામાજીક જવાબદારી અંતર્ગત ખાંભા તાલુકાનાં ડેડાણ કલ્સ્ટર ખાતેથી તેના કૃષી આજીવિકા વિકાસ કાર્યક્રમનું ૩૦ જેટલા ગામોમાં અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે જે સંદર્ભે ફાઉન્ડેશન દ્વારા કુદરતી ખેતીને પ્રાધાન્ય આપવા ખેડુતો સાથે સતત પરામર્શ કરવામાં આવે છે તેમજ ફાઉન્ડેશન દ્વારા આઇ.પી.એમ આઇટમ(જીવાત નિયંત્રણ માટેની જૈવિક દવાઓ)જૈવીક ખાતર અને અન્ય કૃષી સંબંધીત યોજનાકીય લાભો ખેડુતોને આપવામાં આવે છે આ સંદર્ભે ડેડાણ કલ્સ્ટરનાં જામકા અને માલકનેશ ખાતે ૬૦૦ જેટલી જૈવિક ખાતરની થેલીઓનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ આ તકે જામકાના સરપંચ કનુભાઇ વાઘ,સહકારી મંડળીના પ્રમુખ વીરભાઇ નોર તેમજ માલકનેશ ગામે મુકેશભાઈ જીએચસીએલ માંથી જીવાભાઇ મોરી અને કીડેચાભાઇ ઉપસ્થિત રહેલા.

# સંતકબીર રોડ પર રૂા.૬૭ હજારના દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે સંતકબીર રોડ પર પોલીસે દરોડો પાડી કારમાંતી રૂા.૬૭ હજારનો દારૂ ઝડપી પાડયો હતો. જ્યારે પોલીસને જોઈ આરોપી ફરાર થઈ જતાં પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂા.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ. એસ.ગરચરની સૂચનાથી હેડ કોન્સ. અનિલ સોનારા, હરપાલસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, મહેશ ચાવડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન સંતકબીર રોડ પર સરદાર સ્કૂલ પાસે કારમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે દરોડો પાડતા કારનો દરવાજો ખૂલ્લો રાખી ઉભેલો શખ્સ પોલીસને જોઈ ભાગી ગયો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂના ચપલાં નં.૬૭૨, (કિં.૬૭૨૦૦) મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂા.૩,૬૭,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી નાશી છૂટેલા આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સ્લમ ક્વાર્ટરમાં ઘરમાં આગ ચાંપી મહિલાને જીવતી સળગાવનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતી પ્રૌઢાએ તેની પુત્રીનું સગપણ તોડી નાખતા રોષે ભરાયેલા શખ્સે મોડી રાત્રીના મહિલાના મકાનમાં આગ ચાપી તેણીને જીવતી સળગાવી નાખવાનો પ્રયાસ ર્ક્યાની ઘટના બાદ પ્ર.નગર પોલીસે હત્યાની કોશીશનો ગુનો નોંધી શખ્સની ધરપકડ કરી છે.

આ અંગેની વિગત મુજબ જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતા ભારતીબેન રમેશભાઈ



આરોપી રવિ સોલંકી



પરમાર નામની મહિલાએ પ્ર.નગર પોલીસમાં મૂળ બગસરાનો અને હાલ રાજકોટમાં રહેતો રવિ વજુ ઉર્ફે કેશુ સોલંકી વિરુધ્ધ ફરિંયાદ નોંધાવી છે કે, અગાઉ મધુનું સગપણ રવિ સાથે નક્કી ર્ક્યું હતું પરંતુ આ રવિ સોલંકી કામધંધો કરતો ન હોય અને નશો કરવાની ટેવ હોય જેની જાણ થતા મહિલાએ તેની પુત્રીની સગાઈ ત્રણ મહિના પહેલા તોડી નાખી હતી. જેથી રોષે ભરાયેલો રવિ અવારનવાર ઘરે આવી અને ફોન પર માતા પુત્રીને મારી નાખવાની ધમકી આપતો હોય ગઈકાલે મોડી રાત્રીના મહિલા પરિવાર સાથે ઘરમાં સુતા હતા ત્યારે આ શખ્સે બારીમાંથી પેટ્રોલ છાંટી આગ ચાપી મહિલાની હત્યા કરવાની કોશીશ કરી નાસી ગયો હતો. બનાવ બાદ ભારતીબેન બંને પગે અને પેટના ભાગે ગંભીર પ્રકારે દાઝી જતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે પ્ર.નગર પોલીસે રવિ સોલંકી વિરુધ્ધ હત્યાની કોશીશનો ગુનો નોંધી ધરપકડ કરી હતી.

# ગાયક કલાકાર, સોની વેપારી અને મહિલા સહિત ત્રણ વ્યક્તિના હૃદય ધબકારા ચુકી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ ત્રણ વ્યક્તિના હૃદય બેસી ગયાં છે. ગાયક કલાકાર ભરતભાઈ ત્રિવેદી, સોની વેપારી દેવેનભાઈ જીંજુવાડીયા અને ૪૮ વર્ષિય ભાનુબેન સોલંકીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.

પ્રથમમાં ગાયક કલાકાર ભરતભાઈ ચીમનભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૨, રહે.ભગીરથ સોસાયટી સંત કબીર રોડ) તેઓને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

બીજા બનાવમાં દેવેનભાઈ દિલીપભાઈ જીંજુવાડીયા (ઉ.વ.૪૯, રહે. કોઠારિયા મેઈન રોડ મેહુલનગર શેરી નં-૬) તેઓ બપોરના ત્રણેય વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં મોત નિપજ્યું હતું. મૃતક સોની કામ કરતા હતા.તેઓ બે ભાઈમાં મોટાં હતાં.

તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. જ્યારે ભાનુબેન મુકેશભાઈ સોલંકી (ઉ.વ.૪૬ રહે. રાજલક્ષ્મી પેલેસ સેટેલાઈટ ચોક મોરબી રોડ, રાજકોટ) ગઈ કાલે રાત્રિના દસેક વાગ્યાની આસપાસ પોતે પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ભાનુબેનને હાર્ટ એટેક આવ્યો હોવાનું તેઓના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

# વાછકપર બેડી ગામે બાઈક સ્લીપ થતાં ઘવાયેલા પ્રૌઢનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલાં વાછકપરા બેડી ગામે ખેતી કામ કરતા આધેડનું બાઈક સ્લીપ થતાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેઓનું મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

આ અંગેની માહિતી મુજબ મૂળ છોટાઉદેપુરના વતની અને વાછકપરાબેડી ગામે ખેતર મજૂરી કરતા તખતસિહ ભીમાભાઈ રાઠવા(ઉ.વ.૪૫) બાઈક લઈને મિત્રની વાડીએ જતાં હતાં ત્યારે ગામની સીમમાં કોઈ કારણસર બાઈક સ્લીપ થતાં તેઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેમને ૧૦૮ દ્વારા તાકીદે રાજકોટ સિવિલમાં સારવાર અર્થે ખસેડતાં ટૂંકી સારવારમાં જ આધેડે દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઇ હતી.બનાવ અંગે જાણ થતાં પોલીસે મૃતદેહનું પીએમ કરાવી જરૂર કાર્યવાહી હાથ ધરી હતી. તખતસિહના મોતથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી.

# પીરવાડી પાસે રોડ ક્રોસ કરતાં દંપતિને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા પતિનું મોતઃ પત્નીને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ ચોકડી નજીક હિટ એન્ડ રનમાં ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડયો હતો. ગણેશનગરમાં રહેતાં મુકુંદરઅલી શાહમદાર તેમની પત્નીને તાવ આવેલ હોય જેથી મેડિકલ સ્ટોરે દવા લેવા જતા હતા. ત્યારે પીરવાડી સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતા અજાણ્યા વાહને બન્નેને હડફેટે લીધા હતા.

બનાવની વિગત મુજબ મુકુંદરઅલી ઝબઅલી શાહમદાર (ઉ.વ.૨૫, રહે.ગણેશનગર પીરવાડી દરગા પાસે) નામનો યુવકનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું. મૃતકની પત્ની શબનમબેનને તાવ આવેલ હોય જેથી સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેઓ બંને ઘરેથી ચાલીને મેડીકલ સ્ટોરમાં તાવની દવા લેવા જતા હતા. ત્યારે પીરવાડી સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતા અજાણ્યા વાહને બન્ને ને હડફેટે લીધા હતાં. બાદ બંનેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં આજે યુવકે દમ તોડી દિધો હતો.

જ્યારે મૃતકની પત્નીને સારવારમાં સારુ જણાતાં રજા આપેલ છે. મૃતક છ ભાઈ અને એક બહેનમાં ચોથા નંબરનો હતો. હજુ ૭ મહિના પહેલા જ લગ્ન થયા હતા. નવોઢાનું સેથાનું સિંદૂર ભૂંસાતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે અજાણ્યાં વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શાપર-વેરાવળમાં કાસ્ટીંગના કારખાનામાં ભીષણ આગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં આવેલા કાસ્ટિંગના કારખાનામાં સવારે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ઓફિસ અને ગોડાઉનમાં રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડના સ્ટાફે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી પરંતુ ફાયરમેનને ઈજા પોહોચીં હતી અને સદનસીબે જાનહાની ટળી હતી.આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ શાપર વેરાવળમાં આવેલા રિસીકાષ્ટપ્રાઈવેટ લિમિટેડ નામના કાસ્ટિંગના કારખાનામાં વહેલી સવારે સાતેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર અચાનક આગ ભભૂકી ઉઠી હતી.



આગને પગલે શ્રમિકોમાં નાશ ભાગ મચી ગઈ હતી. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પૂર્વે જ રાજકોટ ફાયર બ્રિગેડને આગ લાગ્યા ની જાણ કરવામાં આવી હતી. અને તાત્કાલીક મદદની માંગ કરી હતી. જાણ થતાની સાથે જ મવડી રોડ ફાયર સ્ટેશન અને કોઠારીયા ફાયર સ્ટેશનથી બે ફાયર ફાઈટર તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનોની સતર્કતાથી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. જેને પગલે મોટીજાનહાની ટળી હતી. પરંતુ આગ ઠારવા જતા ફાયરમેન મયુરભાઈ પટેલને ઈજા પહોંચી હતી આ ઉપરાત આગમાં કારખાનાની ઓફિસ અને ગોડાઉનમાં રહેલ ફર્નિચર, કોમ્પ્યુટર, મેગ્નેશિયમ, પંખા અને એસી સહિતની ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઉપરાંત બીજા બનાવમાં યુનિવર્સિટી રોડ ઉપર પુષ્કરધામ સામે આવેલ મિલન ફેશન નામની કપડાની દુકાનમાં આગ લાગ્યાની જાણ થતાં જ કાલાવડ રોડ ફાયર સ્ટેશનનો સ્ટાફ ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ બુજાવી હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના રાવકી ગામે ડો.બાબાસાહેબની પ્રતિમા હટાવતા મામલો ગરમાયો

## અનુજાતિ સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં એકઠા થયા:પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો:પ્રતિમા હટાવતી વેળાએ હોબાળો થતા આગેવાનોની અટકાયત કરાઈ



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ તાલુકાના રાવકી ગામે અનુજાતિ સમાજના લોકો ારા સરકારી ખરાબાની જમીન પર બૌધ્ધ વિહાર બનાવ્યો હોય અને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાં પ્રસ્થાપિત કરી આ બૌધ્ધ વિહારમાં સામાજિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવતી હોય થોડા દિવસો પહેલા બૌધ્ધ વિહારના પાછળ આવેલા કારખાનેદારએ લેન્ડગ્રેબિંગની ફરિયાદ નોંધાવી હોય જેના પગલે બૌધ્ધ વિહારમાં રહેતા અનુજાતિ સમાજની મહિલા અને તેના ભત્રિજા પર લોધિકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ સરકારી ખરાબાની જમીન પર અનુજાતિ સમાજના એક પરિવારે તેઓને વર્ષો પહેલા સાથણીમાં મળેલી જગ્યા હોવાનું જણાવ્યું હતું અને અનુજાતિ સમાજના સામાજિક કાર્યો માટે આ એક એકર જગ્યા પર બૌધ્ધ વિહાર બનાવ્યું હતું. પરંતુ પાછળ ઈન્ડસ્ટ્રીઝ ઝોન બની જતા કારખાનેદારોએ હલન ચલન માટે રસ્તાની માંગણી કરી હોય જેથી વિવાદ સર્જાયો હતો. આજે તંત્રવાહકો પોલીસને સાથે રાખી આ બૌધ્ધ વિહારમાં બનાવવામાં આવેલ બે રૂમનું ડિમોલેશન અને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના પગલે અનુજાતિ સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ પ્રતિમાં હટાવવાની સામે વિરોધ દર્શાવ્યો હતો. અને તંત્ર પાસે પ્રતિમા હટાવવા અંગે જરૂરી કાનુની કાર્યવાહી કરી હોય અને કોર્ટ દવારા પ્રતિમાં હટાવવાનું હુકમ કરવામાં આવ્યો હોય તે જરૂરી હુકમની માંગ કરી ભારે હોબાળો મચાવ્યો હતો. જેના પગલે રૂરલ પોલીસના અધિકારીઓ દવારા અનુજાતિ સમાજના આગેવાનોની અટકાયત કરી ડિટેઈન કરવામાં આવ્યા હતા ત્યાર બાદ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા હટાવવામાં આવી હતી.

# સિવિલ સુપ્રિટેન્ડન્ટે કામદાર યુનિયનના આગેવાન સામે ખોટા આક્ષેપ કર્યાની કલેકટરને રજુઆત

## ન્યાય નહિ મળે તો આગામી તા.૨૭મેના હોસ્પિટલ ખાતે રેલી, ધરણા અને આંદોલનની ચીમકી ઉચ્ચારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કર્મચારીઓને થતા અન્યાય મામલે રજુઆત કરવા ગયેલા કામદાર યુનિયનના પ્રમુખ વિરુદ્ધ રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકે ખોટી પોલીસ ફરિયાદ નોંધાવ્યાનો આરોપ લગાવી યુનિયન આગેવાનોએ જિલ્લા કલેક્ટરને રજુઆત કરી આગામી તા.૨૭ મેનાં રોજ આ હોસ્પિટલ ખાતે રેલી, ધરણા, આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી હતી.



રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાની આગેવાની હેઠળ સોમવારે જીલ્લા કલેકટરને આવેદન પત્ર સુપ્રત કરી જણાવ્યું હતું કે રાજકોટ કામદાર યુનિયન અને સમસ્ત અનુ. જાતિ અધિકાર આંદોલનના આગેવાનો દ્વારા ગત તા.૧૫ મેના રોજ વર્ગ-૪ના કર્મચારીને થતા અન્યાય, શોષણ તેમજ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના નાક નીચે ચાલી રહેલા ભ્રષ્ટાચારની તપાસ કરી વર્ગ-૪ના કર્મચારીઓને ન્યાય આપવા માટે રજુઆત કરવામાં આવી હતી. પરંતુ આ સમયે પાછળથી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક દ્વારા કામદાર યુનિયન અને અનુ.જાતિ અધિકાર આંદોલનના આગેવાનો વિરૂધ્ધ રાજકોટ પોલીસમાં આત્મવિલોપનની ધમકી આપવા અંગે ફરીયાદ નોંધાવેલ હતી. વધુમાં કામદાર યુનિયનના આગેવાનોએ આવેદનપત્ર પાઠવી સિવિલ અધિક્ષક દ્વારા તેમના વિરૂધ્ધની આવી ખોટી અરજી કરાયેલ હોય તેઓને ભયભીત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાનું જણાવી આગામી તા. ૨૭ના રોજ હોસ્પિટલ ખાતે રેલી, ધરણા, આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

# વિદેશી પિસ્તોલ સાથે પકડાયેલ મનહરસિંહ રાણા સહીતનાને નિર્દોષ છોડી મુકતી અદાલત

## પ્રોસીકયુશન આરોપી સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળઃ આરોપીનો ૧૧ વર્ષ બાદ છુટકારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ ગરબી ચોક પાસે માલવીયાનગર પી.એસ.આઈ. લાંબા તથા અન્ય પોલીસો માલવીયાનગર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ પર આવતા પો.કો. હરદેવસિંહને ખાનગી રાહે બાતમી મળેલ કે કિષ્ના ડીલકસ પાન પાસે એક વ્યકિત પોતાના નેફામાં પસ્તોલ લઈને ઉભો છે તેવી હકીકત મળતા બે પંચો બોલાવી પંચોને બોલાવી હકીકતથી જાણ કરી અને પંચો રૂબરૂ આરોપી જયવીરસિંહ અજીતસિંહ પરમારની અંગજડતી કરતા નેફામાંથી મેઈડઈન યુ.એસ.એ. ૭૦,૦૦૦ ની કિંમતની રીવોલ્વર મળતા પંચો રૂબરૂ કબજે કરેલ હતી અને તપાસ દરમ્યાન આ રીવોલ્વર ૬ દિવસ પહેલા રાજકોટના મનહરસિંહ નવલસિંહ રાણાએ વેચાણ કરવા આપેલ હોવાનું ખુલતા પોલીસે બંનેની ધરપકડ કરેલ હતી.



આ કામમાં આરોપી સામેનો કેઈસ રાજકોટની અદાલતમા આશરે ૧૧ વર્ષ ચાલેલ હતો અને આ દરમ્યાન કેઈસ સાબીત કરવા માટમે પ્રોસીક્યુશને ફરીયાદી પી.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ, જમાદાર, એફ.એસ.એલ. અધીકારી, પંચો સહીતનાની જુબાની નામદાર કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ હતી. એ.પી.પી.એ દલીલમાં જણાવેલ હતુ કે પી.એસ.આઈ. અને અન્ય સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ હતુ અને આરોપીએ એક બીજાની મદદગારી કરી આર્મ્સ એકટની કલમોનો ભંગ કરેલ હોય બંને આરોપીને કાયદામા ઠરાવેલ હોય સખ્ત સજા કરવા ધારદાર દલીલ કરેલ હતી.

આરોપીના એડવોકેટ દીલીપ પટેલ અને કલ્પેશ નશીતે દલીલમાં જણાવેલ કે આરોપી સામેના ગુનાના આક્ષેપો છે તે ગુનાના આવશ્યક તત્વો સંતોષાતા નથી. સાહેદોના પુરાવા ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત.ક. અધીકારીઓમ પંચોની અંગજડતી કરાવેલ નથી. મનહરસિંહ રાણા પાસેથી કોઈ હથીયાર મળી આવેલ નથી. પીસ્તોલ કઈ જગ્યાએ બનાવેલ છે તેનો પોલીસે કોઈ આધાર રજુ કરેલ નથી. ફરીયાદી અને તપાસ કરનાર એક જ છે. સાહેદો તેના તાબાના કર્મચારી છે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. આર્મ્સ એકટનો ગુનો બીજીટેશન હોવા છતા એ.સી.પી. સાહેબે સ્ટેટમેન્ટ વેરીફાઈ કરેલ નથી તેમજ જીલ્લા મેજી.શ્રીની ચાર્જશીટ બનાવતા પહેલા પુર્વ મંજુરી લીધેલ નથીનું રેકર્ડ પર આવે છે તેથી પ્રોસીક્યુશન આરોપી વિરૂધ્ધ દાખલ થઈ શકે નહી.આ કામમાં બંને આરોપી સામે મુદ્દામાલ કબજે કરેલનું પંચનામુ સાબીત થતુ નથી તેમજ બનાવવાળી જગ્યાએથી કોઈ સ્વતંત્ર સાહેદો લીધા નથી. નામ. રાર્વોચ્ચ અદાલતનાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાના આક્ષેપો છે તે સાબીત કરી શકેલ નથી. મુદામાલની પીસ્તોલનો આરોપી ધ્વારા કલેઈમ કરવામાં આવેલ નથી.

તમામ મૌખિક તથા દરતાવેજી પુરાવાઓની ચર્ચા કર્યા બાદ ગુનાના આવશ્યક તત્વો સાબીત કરવામાં પ્રોસીક્યુશન નીષ્ફળ નીવડેલ હોય જયુ. મેજી.શ્રી તાપીયાવાલા સાહેબે પોતાના ૨૪ પાનાના ચુકાદામા આરોપી જયવીરસંહ અજીતિસંહ પરમાર તથા મનોહરસિંહ નવલસિંહ રાણા બંનેને આર્મ્સ એકટના ગુનામાં નિર્દોષ છોડી મુકેલ હતા. કામના આરોપી તરફે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ પારાશાત્રીશ્રી દીલીપ પટેલ, કલ્પેશ નશીત રોકાયેલ હતા.

# કાળઝાળ ગરમી વચ્ચે એઈમ્સના અનેક વિભાગોમાં એસી બંધઃ દર્દીઓ પરેશાન

## ઓવરલોડના કારણે એસીના અનેક યુનિટ બળી ગયાનો ખુલાસોઃ દર્દીઓ માટે પ્રાઈવેટ ટેબલ ફેન લાવવાની મનાઈથી દર્દીઓની હાલત કફોડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ ઉપર સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના દર્દીઓ માટે આશિર્વાદરૂપ બની રહેલી એઈમ્સમાં ધોમધખતા ઉનાળાના સમયેજ એર- કન્ડિશન પ્લાનમાં ક્ષતિ સર્જાતા બાળકોના વોર્ડ સહિતના અનેક વોર્ડમાં એ.સી. બંધ થઇ જતા દર્દીઓમાં ભારે દેકારો મચી જવા પામેલ છે. છેલ્લા ત્રણ દિવસથી રાજકોટમાં ૪૪ ડિગ્રી ઉપર તાપમાનનો પારો ધખધખી રહ્યો છે. બપોરે ૧ થી સાંજે પાંચ વાગ્યા સુધી બજારોમાં પણ કુદરતી કર્યું લાગી જાય છે તેવા સમયે જ સૌરાષ્ટ્રની સૌથી મોટી અને આધુનિક એવી એઇમ્સ હોસ્પિટલમાં અનેક વિભાગોમાં એ.સી. બંધ થઈ જતા




દર્દીઓની હાલત અધમુઓ જેવી થઇ ગઇ છે. એઇમ્સનું આખુ બિલ્ડિંગ સેન્ટ્રલી એ.સી. છે પરંતુ હાલમાં આકરા તાપના કારણે વીજળીનો ઉપાડ કેપેસીટી કરતા વધી જતા એ.સીના કેટલાક યુનિટ બંધ થઇ ગયા હોવાનું જાણવા મળે છે. બાળકોના વોર્ડ સહિતના અનેક વિભાગોમાં વીજ પૂરવઠો બંધ થઈ જતા દર્દીઓ આકૂળ વ્યાકૂળ થઈ ગયા છે. રાજકોટમાં કરોડોના ખર્ચે બનેલી એઈમ્સ હોસ્પિટલમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓ સારવાર લેવા માટે આવી રહ્યા છે. પરંતુ રાજકોટ એઈમ્સમાં દર્દીઓને કડવો અનુભવ થયો છે છેલ્લા ઘણા દિવસથી એઈમ્સમાં ખાસ કરીને બાળકોના વિભાગમાં એસી બંધ હોવાથી ૪૪ ડિગ્રીની બળબળતી ગરમીમાં બાળ દર્દીઓની હાલત ક્ફોડી બની ગઈ છે. બીજી તરફ સારવારમાં દાખલ બાળકોના પરિવારજનોને ઘરેથી ટેબલફેન લાવવાની પણ મનાઈ ફરમાવી દેતા નાના બાળકોને અને તેના પરિવારજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. એક તરફ આધુનિક સુવિધાઓથી સજજ અને ૧૨૦૦ કરોડના ખર્ચે બનેલી રાજકોટની આ એઈમ્સ દર્દીઓ માટે આશિર્વાદ રૂપ હોવાની વાતો વચ્ચે વાસ્તવીક્તા કઈક અલગ જ હોવાનું દેખાઈ રહ્યું છે.

# ક્રિકેટના સટ્ટામાં આઈડી આપનાર બુકી ચાર મહિના બાદ પોલીસને હાથ લાગ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

આઈપીએલની સીઝન શરૂ હોય જેથી શહેરમાં ક્રિકેટના સટ્ટાનું નેટવર્ક ચલાવતા બુકીઓ સક્રીય થયા હોય ત્યારે પોલીસે પણ મોબાઈલ પર ક્રિકેટના સટ્ટો રમતા પન્ટરોને દબોચી લઈ બુકી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે.હુણ તથા એએસઆઈ વાલાભાઈ ડાભી, કોન્સ.નગીનભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગ



હતા ત્યારે અગાઉ ચાર મહિના પહેલા ક્રિકેટનો સટ્ટો રમતા એક પન્ટરને પોલીસે દબોચી લઈ લીધો હોય ત્યારે પન્ટરને સટ્ટાનું આઈડી આપનાર ઉંજાના વીસનગર રોડ પર ઘનશ્યામનગરમાં રહેતો સુચીતકુમાર ભરત અલોડિયાએ આપ્યું હોવાની હકીકતના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે બુકી સુચીતકુમારને આબુ રોડ પરથી દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.